અપીલ અરજી નં.૧૮૧ તા.૮–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૬–૮–૧૦ ની અરજીથી (૧) મ્યુ. કમિશ્નરશ્રી તરફથી તા.૨૨–૭–૧૦ ની અરજી આ સાથે સામેલ (૨) કલેકટરશ્રી તરફથી આવેલ પત્ર નં.એ/જમન/ વશી / ૧૪૭૨/૨૦૧૦ કલેકટર કચેરી સુરત. આ સાથે સામેલ તા.૩૧–૭–૧૦ ઉપરોકત અરજી તથા પત્રના અનુસંધાને થયેલી તમામ કાર્યવાહીની માહિતી આપવી, તેમજ કોઈ પણ કાર્યવાહી ન થઈ હોય તો તેનો સજ્જડ ઠોસ કારણો પરીબળો તેમજ જવાબદાર અધિકારીઓના નામ સહિત માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૮–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૧/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૬–૮–૧૦ ની અરજીથી (૧) મ્યુ. કમિશ્નરશ્રી તરફથી તા.૨૨–૭–૧૦ ની અરજી આ સાથે સામેલ (૨) કલેકટરશ્રી તરફથી આવેલ પત્ર નં.એ/જમન/વશી/૧૪૭૨/૨૦૧૦ કલેકટર કચેરી સુરત. આ સાથે સામેલ તા.૩૧–૭–૧૦ ઉપરોકત અરજી તથા પત્રના અનુસંધાને થયેલી તમામ કાર્યવાહીની માહિતી આપવી, તેમજ કોઈપણ કાર્યવાહી ન થઈ હોય તો તેનો સજ્જડ ઠોસ કારણો પરીબળો તેમજ જવાબદાર અધિકારીઓના નામ સહિત માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૦૪ તા.૧૬–૯–૧૦ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં આપને અપીલ સમયગાળા દરમ્યાન કોઈ પ્રત્યુત્તર મળેલ હોય તો તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૫૩૫ તા. ૪–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, કમિ.શ્રીને સંબોધીને તા.૨૭–૭–૧૦ ના રોજ આપેલ પત્રની નકલ, કલેકટરશ્રીના તા.૩૧–૭–૧૦ ના પત્રની નકલ, તા.૧૭–૮–૧૦ ના દૈનિક પત્રના પાના નં.૪ના કટીંગની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૩૭ તા.૧૫–૯–૧૦ ના પત્રની નકલ તથા યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૬–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ આવેલી અરજીઓ અંગે કાર્યવાહીની માહિતી બાબતે માહિતી માંગતી અરજી તા.૬–૮–૧૦ ના રોજ લીંબાયતઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે નિર્દિષ્ટ સમયગાળા દરમ્યાન કોઈ પણ નિર્ણય પ્રત્યુત્તર કે માહિતી ન મળવાથી અરજદારે તા.૮–૯–૧૦ ના રોજ બંને પત્રોમાં જણાવેલ વિગતો અંગે થયેલ કાર્યવાહીની માહિતી માંગતી અને જવાબદારો સામે પગલા ભરવાની રજૂઆત કરતી અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૩૭ તા. ૧૫–૯–૧૦ થી "સુરત મહાનગપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળ કરવાની થતી કામગીરી અન્વયે પ્રશ્નવાળી મિલ્કત કે જે ખાડી કિનારે સ્થિત છે. તેમાં ટીપીઓશ્રી ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયમાં ફાઈનલ પ્લોટમાં દર્શાવવવામાં આવેલ ક્ષેત્રફળ/માપ વિસ્તારમાં ટીડીઓ/ડીપી નં.૧૪૯ તા.૨૬–૮–૧૦ થી ટાઉન પ્લાનરશ્રીની સહીથી વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે." તેવું જણાવેલ છે. આમ અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની તા.૨૨–૭–૧૦ ની અરજી તથા જીલ્લા કલેકટરશ્રી સુરત ધ્વારા રવાના કરાયેલ તા.૩૧–૭–૧૦ ના પત્રના અનુસંધાને કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ? તેની કોઈ વિગતો આપેલ જણાતી નથી. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે તા.૨૨–૭–૧૦ ની અરજીથી ખાડીનો ભાગ માર્કેટમાં સમાવવાની કામગીરી ચાલતી હોવાની રજૂઆત કરેલ છે. તે બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી હકીકતલક્ષી માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૮–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અરજદારની તા.૨૨–૭–૧૦ ની તથા જીલ્લા કલેકટરશ્રીની તા.૩૧–૭–૧૦ ના પત્રો અન્વયે જો કોઈ કાર્યવાહી થઈ હોય તો તે અંગેની દફતરી હકીકતલક્ષી વિગતો અને ન થયેલ હોય તો તે મુજબનો પ્રત્યુત્તર આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન ).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,